પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૫ | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૧, મંગળવાર; મહા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પેટ્રોલ - ડિઝલ, ગેસમાં ભાવ વધારો આસમાને

## પેટ્રોલ-ડિઝલમાં ૨૬ પૈસા, ગેસ સિલિન્ડરે ૫૦ રૂપિયાનો વધારો : સપ્તાહના પહેલાં જ દિવસે ભાવ વધારાનો કડવો ડોઝ

નવી દિલ્હી, તા. ૧૫

દેશવાસીઓને આ અઠવાડિયાના પહેલા જ દિવસે મોંઘવારીનો



૫૦ રૂપિયા વધી ગયા છે, જ્યારે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં પણ ૨૬ પૈસા પ્રતિ લીટરનો વધારો કરવામાં આવ્યો છે. આ ભાવ વધારા બાદ હવે સબસિડી વિનાના ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૭૬૯ રૂપિયા થઈ ગઈ છે. આ પહેલા તે ૭૧૯ રૂપિયા હતી.

**સબસિડી વિનાના ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત અમદાવાદમાં ૭૭૬ રૂપિયા થઈ ગઈ, દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૯ રૂપિયા**

જ્યારે અમદાવાદમાં આ કિંમત ૭૭૬ રૂપિયા થઈ ગઈ છે. આ વધેલા ભાવ આજથી જ લાગુ થઈ ગયા છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૯ રૂપિયા પ્રતિ લીટરની નજીક પહોંચી ગઈ છે.

બીજી તરફ પેટ્રોલ-ડીઝલની કિંમત પાછલા એક અઠવાડિયાથી સતત વધીરહી છે. સોમવારે દિલ્હીમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૨૬ પૈસા પ્રતિ લીટરનો વધારો કરવામાં આવ્યો. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૯ રૂપિયા પ્રતિ લીટર નજીક પહોંચી ગઈ છે, આટલું જ નહીં, દેશના ઘણા શહેરોમાં પેટ્રોલ ૯૯ના આકડાને પાર કરીને ૧૦૦ની નજીક પહોંચતું દેખાઈ રહ્યું છે. જ્યારે ક્રૂડ ઓઈલની કિંમત પણ વધી રહી છે. જોકે ભારતમાં પેટ્રોલિયમની કિંમત બાસ્કેટમાં આવનારા ક્રૂડ ઓઈલ પર નિર્ભર કરે છે. તેના પર ભાવનો અસર ૨૦થી ૨૫ દિવસ બાદ દેખાય છે.

આ વધારા બાદ દિલ્હીમાં પેટ્રોલ ૮૮.૯૯ રૂપિયા અને ડીઝલ ૭૯.૩૫ રૂપિયા લીટર થઈ ગયું છે. આવી જ રીતે મુંબઈમાં પેટ્રોલ ૯૫.૪૬ રૂપિયા અને ડીઝલ ૮૬.૩૪ રૂપિયા લીટર, ચેન્નઈમાં પેટ્રોલ ૯૧.૧૯ રૂપિયા અને ડીઝલ ૮૪.૪૪ રૂપિયા લીટર તથા કોલકાતામાં પેટ્રોલ ૯૦.૨૫ રૂપિયા ને ડીઝલ ૮૨.૯૪ રૂપિયા લીટર થઈ ગયું છે.




## જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૨.૦૩%

ન્યુ દિલ્હી,તા.૧૫

દેશમાં હજી પણ મોંઘવારી ઉંચા સ્તરે રહી છે. સરકાર દ્વારા આજે સોમવારે જાહેર કરાયેલા આંકડા મુજબ જાન્યુઆરી ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે હોલસેલ ઈન્ફલેશન પ્રાઈસ ઈન્ડેક્સ (ઁ) વધીને ૨.૦૩ ટકા આવ્યો છે. જાન્યુઆરીમાં મોંઘવારી દર વધવાનું મુખ્ય કારણ મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સની કિંમતોમાં વૃદ્ધિ છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આંકડાઓ મુજબ મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સમાં ઈન્ફલેશન રેટ જે ડિસેમ્બરમાં ૪.૨૪ ટકા હતો તે જાન્યુઆરીમાં વધીને ૫.૧૩ ટકા થયો છે.

# સેન્સેક્સે તોડ્યા રેકોર્ડ : ૫૨,૦૦૦ની સપાટી કૂદાવી

## દિવસના અંતે સેન્સેક્સ ૫૨૧૫૪ના સ્તરે બંધ, બેન્કિંગ શેરોમાં તેજી

મુંબઈ,તા.૧૫

સોમવારે સપ્તાહના પ્રથમ દિવસે શેર બજાર ભારે ઉછાળ સાથે ખુલ્યુ અને બંધ પણ રહ્યું. તો નિફ્ટીએ પણ તેનું અનુકરણ કર્યું. આજે સવારે ૯.૧૭ વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક સેન્સેક્સ ૪૪૧.૪૩ અંકની તેજી સાથે ૫૧,૯૮૫.૭૩ના સ્તરે હતો. થોડી જ વારમાં ૫૨૦૦૦ની ઐતિહાસિક સપાટી પણ કૂદાવી અંતે સાંજે ૬૧૦ અંક વધી ૫૨૧૫૪ પર બંધ રહ્યો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જ (નિફ્ટી) ૧૨૧.૮૦ના અંકના ઉછાળ સાથે ૧૫,૨૮૫.૧૦ના સ્તરે ખુલ્યું અને ૧૫૧ અંક વધી ૧૫૩૧૪ પર બંધ રહ્યો હતો.અઠવાડિયાના અંતિમ બિઝનેસ દિવસે એટલે કે શુક્રવારે ઘરેલુ શેર બજાર સામાન્ય લીડ સાથે બંધ થયુ હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ઈન્ડેક્ષ સેન્સેક્સ ૧૨.૭૮ના અંક ઉછળીને ૫૧,૫૪૪.૩૦ના સ્તરે બંધ થયો હતો.

બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૦.૦૦ અંક તૂટીને ૧૫,૧૬૩.૩૦ના




સ્તરે બંધ થયો હતો. સવારે ૯.૨૩ વાગ્યે સેન્સેક્સ ૪૭૦.૦૬ અંક વધીને ૫૨,૦૧૪.૩૬ના સ્તર પર બિઝનેસ કરી રહ્યો હતો.

સેન્સેક્સ પર એક્સિસ બેક્ક, આઈસીઆઈસીઆઈ બેક્ક, બજાજ ફાઈનાન્સ, જીમૈં, ઈન્ડસઈન્ડ બેક્ક સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. એક્સિસ બેક્ક ૫.૮૮ અંક વધી ૭૯૪.૫૦ પર બંધ રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેક્ક ૪.૦૯ ટકા વધીને ૬૭૪.૦૦ પર બંધ રહ્યો હતો. જોકે ડો.રેડ્ડી લેબ્સ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, એચયુએલ અને એશિયન પેઈન્ટ્સ સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ડો.રેડ્ડી લેબ્સ ૧.૭૭ ટકા ઘટીને ૪૭૧૦.૨૦ પર બંધ રહ્યાં હતા. ટીસીએસ ૧.૬૦ ટકા ઘટીને ૩૧૩૯.૯૫ પર બંધ રહ્યો હતો. એક્સચેન્જ પર ૨,૫૧૭ શેરમાં કારોબાર થઈ રહ્યો હતો.. એમાં ૧૩૭૬ શેરમાં વધારો અને ૧,૦૧૨ શેરમાં ઘટાડો છે. લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ પણ ૨૦૫.૦૭ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે, એ ૧૨ ફેબ્રુઆરીએ ૨૦૩.૯૨ લાખ કરોડ રૂપિયા રહી હતી.

## હજુ કોરોનાનો ખતરો ટળ્યો નથી : WHO

વિશ્વ આરોગ્ય સંસ્થાનાં ડિરેક્ટર ટેડ્રોસ અધનોમ ઘેબ્રેસિયસએ કહ્યું છે કે કોરોના વાયરસનાં કેસમાં થયેલો ઘટાડો તે પ્રોત્સાહનરૂપ છે, પરંતું કોવિડ-૧૯નાં ફેલાવાને રોકવામાં મદદરૂપ થઈ રહેલા પ્રતિબંધોમાં ઢીલાસ આપવી ન જોઈએ.

દુનિયાભરમાં સંક્રમણનાં કેસોમાં સતત ચોથા સપ્તાહે પણ ઘટાડો થયો છે. સંક્રમિતો અને મૃતકોની સંખ્યામાં આ ઘટાડો જન આરોગ્ય સંબંધી પગલાઓને કડકપણે લાગુ કરવાનાં કારણે આવી છે, અમે તમામ પ્રકારનાં ઘટાડાથી ઉત્સાહિત છિએ, પરંતુ હાલની સ્થિતીથી સંતોષ થઈ વાયરસ જેટલું જ ખતરનાક સાબીત થશે.

# રાહુલ ગાંધી ફરીથી કોંગ્રેસના અધ્યક્ષ બને તેવી પૂર્ણ શક્યતા

## સાંસદ રાહુલ ગાંધી પક્ષની કમાન સંભાળે તો બહેન પ્રિયંકા ગાંધી પણ પક્ષ અને રાહુલ ગાંધી વચ્ચેની કડી બની શકે છે

નવી દિલ્હી, તા. ૧૫

રાહુલ ગાંધી ફરી એક વખત એઆઈસીસી એટલે કે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના ૮૭મા અધ્યક્ષ તરીકે પાછા ફરવા તૈયારી કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે સંસદમાં ખેડૂતોના મુદ્દાને ખૂબ જ જોરશોરથી ઉઠાવવા પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત તેમણે ચીન સહિતના બીજા મુદ્દાઓને પણ સતત ઉઠાવ્યા હતા. તેનાથી સંકેત મળી રહ્યો છે કે યુવાન ગાંધી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ એક લોકપ્રિય ચહેરો બનવાને બદલે ધ્રુવીકરણ કરનારા નેતા તરીકે સામે આવી રહ્યા છે. રાહુલ ગાંધીને આવું કરવાની સલાહ ૨૦૧૨માં પ્રતિષ્ઠિત રાજકીય સલાહકાર સ્ટેફન કટરે આપી હતી. તેઓ બરાક ઓબામાના ચૂંટણી અભિયાનના મેનેજર હતા. તે સમયે તેમણે કોંગ્રેસની ઓફિસમાં રાહુલ ગાંધીની મુલાકાત કરી હતી. હકીકતે તે સમયે યુપીએની સરકાર કેન્દ્રમાં હતી અને રાહુલ



પણ તેમની સલાહ પર ધ્યાન નહોતા આપી શક્યા.

તે સિવાય પ્રિયંકા ગાંધી વાડ્રા પણ પાર્ટીમાં એક મહત્વની ભૂમિકા ભજવવાની તૈયારીમાં છે. રાહુલ-પ્રિયંકાની જોડી હવે સોનિયા-રાહુલના સત્તા સમીકરણને બદલવા તૈયાર છે જે મહદઅંશે અહમદ પટેલ અને મોતીલાલ વોરા દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધી અધ્યક્ષ બને એટલે પ્રિયંકા ગાંધી અનેક ભૂમિકાઓ ભજવી શકે છે જે કામ પહેલા પટેલ અને વોરા કરતા હતા. મતલબ કે પ્રિયંકા ગાંધી રાહુલ અને પાર્ટી વચ્ચે એક પુલનું કામ કરી શકે છે.

## ચાર મહિલા અધિકારીઓ બચાવ કામગીરી સંભાળી રહી છે

**ગ્લેશિયર ફાટ્યા બાદ ચમોલીમાં બચાવ કામગીરી : સાઈટ પર કેમ્પિંગ, સંબંધીઓ ગુમ છે તેઓની સંભાળ, કંટ્રોલ રૂમ સેટઅપ સહિતના કામ આ અધિકારી જુએ છે**

ચમોલી

ચાર ઉચ્ચ પ્રતિભાશાળી મહિલા અધિકારીઓએ ઉત્તરાખંડમાં રાહત અને બચાવ કામગીરીની જવાબદારી સંભાળી રાખી છે. ૭ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ગ્લેશિયર ફાટ્યા બાદ ભલે સાઈટ પર કેમ્પિંગ કરવાનું હોય, જેમના સંબંધીઓ ગુમ છે તેઓની સંભાળ લેવાની હોય, કંટ્રોલ રૂમ સેટઅપ કરવાનું હોય, બચાવ અભિયાનને મોનિટર કરવાનું હોય કે પછી રાહત સામગ્રીનું વિતરણ કરવાનું હોય....આ મહિલાઓએ આગળ આવીને બધી જવાબદારી નિભાવી છે. જેમાં ચમોલીના જિલ્લા અધિકારી સ્વાતિ ભદૌરિયા હોય, આટીબીપીના ડીઆઈજી અપર્ણા કુમાર હોય, ગઢવાલ રેન્જના ડીઆઈજી નીરુ ગર્ગ હોય કે પછી એસડીઆરએફના ડીઆઈજી રિદ્ધિમ અગ્રવાલ. આ ચારેય અધિકારીઓએ વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન કરવામાં મોટી ભૂમિકા ભજવી છે. આ તમામ અધિકારીઓ અંગે રસપ્રદ માહિતી અત્રે રજૂ કરાઈ છે.

સ્વાતિ ૨૦૧૧ બેચના આઈએએસ અધિકારી છે. તેમના માટે ગ્લેશિયર બર્સ્ટ અને ત્યારબાદનું રેસ્ક્યુ ઓપરેશન પહેલો અનુભવ છે. અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે, વસ્તુઓનું સંકલન કરવું, કંટ્રોલ રૂમ બનાવવું, પરિવારોને મળવું અને સહાય કરવી, રેસ્ક્યુ ઓપરેશન ચલાવવું, વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવો, ભોજન પ્રદાન કરવું અને ગુમ થયેલ લોકોની સૂચિ બનાવવી એ એક મોટો પડકાર હતો. જ્યારે આ દુર્ઘટના સર્જાઈ ત્યારે તે પહેલા ત્રણ દિવસ તપોવનમાં કેમ્પ લગાવી રહ્યા હતા, જ્યારે તેમનો ત્રણ વર્ષનો પુત્ર ગોપેશ્વરમાં એકલો હતો. સ્વાતિ કહે છે, ત્રણ દિવસ પછી મેં તેને અહીં બોલાવ્યો હતો અને છેલ્લા ચાર દિવસથી તે પણ સ્થળ પર કેમ્પ કરી રહ્યો હતો.

# તપોવન ટનલમાંથી વધુ ૧૦ મૃતદેહ મળતાં કુલ મૃતાંક ૫૩

## ટનલમાંથી મૃતદેહ મળી રહ્યા છે તે જોતાં અંદર હજુ પણ મજૂરો ફસાયેલા હોવાની સંભાવના દેખાઈ રહી છે

ચમોલી, તા. ૧૫

ઉત્તરાખંડના ચમોલીમાં આવેલી આફતમાં અત્યાર સુધીમાં ૫૩ લોકોના મોત થઈ ગયા છે. તપોવનમાં ટનલની અંદરથી ૮ અને બહારથી ૨ શબ મળ્યા છે. જોકે, હજુ પણ ટનલની અંદર ગતિથી રાહત અને બચાવ કામગીરી કરવામાં આવી રહી છે. જે રીતે મૃતદેહ મળી રહ્યા છે તેથી અંદર હજુ પણ મજૂરો ફસાયેલા હોવાની સંભાવના દેખાઈ રહી છે. આ ટનલમાં લગભગ ૩૫ લોકો ફસાયેલા હોવાની આશંકા હતા. આ સિવાય આ વિસ્તારમાં ૧૫૪ લોકો ગુમ હોવાનું સામે આવ્યું છે.

ટનલની અંદર પાછલા ૯ દિવસથી સતત ચાલી રહી છે, પરંતુ ભારે પ્રમાણમાં કાટમાળ જમા હોવાના કારણે રેસ્ક્યુ ઓપરેશનમાં અડચણો આવી રહી છે. અત્યાર સુધીમાં ૧૪૦ મીટર સુધીનો કાટમાળ દૂર કરવામાં આવ્યો છે. બીજી તરફ ટનલમાં ડ્રીલ કરીને તેની અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જોકે, હજુ સુધી તેમાં સફળતા મળી નથી.

બીજી તરફ સુરંગની બહાર ઉભેલા મજૂરોના પરિવારજનો તેમાંથી બહાર કાઢવામાં આવી રહેલા મૃતદેહને જોઈને વધારે વ્યથિત થઈ રહ્યા છે અને તેમની સકારાત્મકતામાં ઘટાડો થઈ રહ્યો છે. ટનલમાંથી મૃતદેહ બહાર કાઢવામાં આવી રહ્યા છે જેના કારણે તેમની આશાઓ પર પાણી ફરી રહ્યું છે. ૧.૬ કિલોમીટર લાંબી ટનલમાંથી કાટમાળ દૂર કરવાની કામગીરી હજુ પણ ચાલી રહી છે. આ પ્રોજેક્ટ સાઈટ પર ઈલેક્ટ્રિશિયન તરીકે ફરજ બજાવતા આલમ પુંડીરના ભાઈ સુરજ પુંડીર જણાવે છે, મને સમજાતું નથી કે શું કહેવું, જ્યારે અધિકારીઓએ અમને લાશ ઓળખવા માટે બોલાવ્યા ત્યારે મોટો આંચકો લાગ્યો. મારા ભાઈની પાંચ દીકરીઓ છે જેમાંથી એક માત્ર ૮ મહિના નાની છે. હવે તેમને મારે શું કહેવું?

સહારનપુરના એન્જિનિયર સાદીક અલીના પિતા શર્ફરાજ

Vશાલ
SUPER MARKETની આજ
રામદેવ મરચું (૧ કિ.)
રૂ. ૩૮૦/-
સેક્ટર-૬/કુડાસણ

## માર્ચમાં ૫૦ વર્ષથી વધુનાને વેક્સિન અપાશે : ડો. હર્ષવર્ધન

**દેશમાં બે વેક્સિન ઉપલબ્ધ, ૮૦થી ૮૫ લાખ આરોગ્ય કર્મીઓ, ફ્રન્ટ લાઇન વર્કર્સને વેક્સિન લગાવવામાં આવી**

નવી દિલ્હી, તા. ૧૫ઈ

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધને સોમવારે કોરોના રસીકરણ અભિયાન અંગે મોટી ઘોષણા કરી છે, તેમણે કહ્યું કે ૫૦ વર્ષથી ઉપરનાં નાગરિકોને માર્ચમાં વેક્સિન લગાવવાનું શરૂ કરવામાં આવશે, તેમણે કહ્યું કે છેલ્લા ૭ દિવસોમાં દેશનાં ૮૮ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ડો. હર્ષવર્ધને કહ્યું કે તે મહત્વપુર્ણ છે કે લોકોએ હજુ કોરોનાનાં નિયમોનું પાલન કરવું પડશે, તેમણે લોકોને અપીલ કરતા કહ્યું કે રસીની સાથે-સાથે સામાજીક સુરક્ષાનું પણ ધ્યાન રાખે, તેમણે કહ્યું કે આજે દેશમાં બે વેક્સિન ઉપલબ્ધ થઈ ગઈ છે, ૮૦થી ૮૫ લાખ આરોગ્યકર્મીઓ અને ફ્રન્ટ લાઈન વર્કર્સને વેક્સિન લગાવવામાં આવી છે, તે ઉપરાંત વિશ્વનાં ૨૦-૨૫ દેશોને વેક્સિન પહોંચાડવાની સ્થિતીમાં આવી ગયા છિએ.

આરોગ્ય પ્રધાને કહ્યું કે દેશમાં હાલનાં સમયે ૧૮થી ૨૦ રસી પર અલગ-અલગ સ્તરો પર કામ ચાલી રહ્યું છે, તેમાથી કેટલીક રસી આગામી કેટલાક મહિનામાં આવી શકે છે. તેમણે જણાવ્યું કે દેશમાં અત્યાર સુધીમાં ૧,૦૯,૧૬,૫૮૯ લોકો કોરોના સંક્રમિત થયા, તેમાંથી ૧,૦૬,૨૧,૨૨૦ લોકો સાજા થયા, વર્તમાનમાં દેશમાં ૯૭.૨૯ ટકા રિકવરી રેટ છે, દુનિયામાં સૌથી ઓછો મૃત્યુ દર ૧.૪૩ ટકા ભારતમાં છે.

# પપૈયા ભરેલી ટ્રક પલટી જતાં ૧૫ શ્રમિકનાં મોત

## ટ્રક પલટી ગઈ હોવાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે લોકોની મદદથી શ્રમિકોને ટ્રકમાંથી બહાર કાઢ્યા

મુંબઈ,તા.૧૫

મહારાષ્ટ્રના જલગાંવમાં સોમવાર સવારે એક દર્દનાક માર્ગ અકસ્માતમાં ૧૫ શ્રમિકોનાં મોત થયા છે. મળતા રિપોર્ટ મુજબ જલગાંવના યાવલની પાસે પપૈયાથી ભરેલી ટ્રક પલટી ગઈ, જેના કારણે આ કરૂણ ઘટના બની છે. પપૈયાથી ભરેલી ટ્રક ધૂલેથી રાવેલ તરફ જઈ રહી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને લાશોને બહાર કાઢવાનું કામ શરૂ કરી દીધું. દુર્ઘટનાના કારણો વિશે હજુ જાણી શકાયું નથી. મળતી જાણકારી મુજબ, જલગાંવમાં સોમવારની સવારે પપૈયાથી ભરેલી એક ટ્રક રાવેલ તરફ જઈ રહી હતી. ટ્રક યાવલ પાસે જ પહોંચી હતી કે તે અનિયંત્રિત થઈને પલટી ગઈ. ટ્રક પલટતાં જ જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા. પ્રત્યક્ષદર્શીઓ મુજબ ટ્રકમાં કેટલાક શ્રમિકો પણ બેઠા હતા. દુર્ઘટના એટલી જોરદાર હતી કે ટ્રકમાં સવાર તમામ ૧૫ શ્રમિકોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયા. ટ્રક પલટી ગઈ હોવાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે સ્થાનિક લોકોની મદદથી શ્રમિકોને ટ્રકથી બહાર કાઢ્યા. પ્રારંભિક તપાસમાં લાગે છે કે ટ્રકના ડ્રાઈવરને ઝોંકું આવી ગયું હતું, જેના કારણે આ દુર્ઘટના બની છે. પોલીસે તમામ શબોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. ઉલ્લેખનીય છે કે, રવિવાર વહેલી પરોઢે આંધ્ર પ્રદેશના કુરનુલ જિલ્લાના વલ્દુરતી મંડલના મદારપુર ગામની પાસે રવિવાર સવારે બસ અને ટ્રકની વચ્ચે ભીષણ ટક્કરમાં ઓછામાં ઓછા ૧૪ લોકોનાં મોત થયા હતા, જ્યારે ૪ અન્ય લોકો ઘાયલ થયા હતા. પ્રાપ્ત જાણકારી મુજબ, ઘાયલોને સરકારી જનરલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કુરનૂલના પોલીસ અધીક્ષકએ જણાવ્યું કે દુર્ઘટના સમયે વાહનમાં ૧૮ લોકો સવાર હતા. આ દુર્ઘટના કુરનૂલથી લગભગ ૨૫ કિલોમીટરના અંતર પર સ્થિત મદાપુરમની પાસે વેલદુર્તી મંડળમાં રવિવાર વહેલી પરોઢે ૪ વાગ્યે થયો.

## કોરોના એક-બે કેસ આવે તો ઓફિસોને બંધ નહીં કરાય

**કાર્યસ્થળ પર કોરોનાના અનેક કેસ સામે આવે તો સંપૂર્ણ ઈમારત કે બ્લોકને સેનિટાઈઝ કરવાની પ્રક્રિયા કરવી પડશે**

નવી દિલ્હી, તા. ૧૫

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કાર્યાલયોમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવાને અનુલક્ષીને નવી માનક સંચાલન પ્રક્રિયા (એસઓપી) જાહેર કરી છે. તે મુજબ જો કાર્યાલયોમાં સંક્રમણના માત્ર એક કે બે કેસ જ સામે આવે તો જે વિસ્તારમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોના સંક્રમિતની ગતિવિધિઓ રહી હોય, માત્ર તેટલા ભાગને જ સેનિટાઈઝ કરવાની જરૂર પડશે.

શનિવારે જાહેર કરવામાં આવેલી એસઓપી પ્રમાણે નિર્ધારિત નિયમો પ્રમાણે સેનિટાઈઝેશન કર્યા બાદ કાર્ય શરૂ કરી શકાશે. પરંતુ જો કાર્યસ્થળ પર કોરોનાના અનેક કેસ સામે આવે તો સંપૂર્ણ ઈમારત કે બ્લોકને સેનિટાઈઝ કરવાની પ્રક્રિયા કરવી પડશે અને ત્યાર બાદ જ કાર્ય શરૂ કરી શકાશે.

નવી એસઓપી પ્રમાણે પ્રતિબંધિત ઝોનમાં રહેતા અધિકારીઓ અને કર્મચારીઓએ આ અંગે પોતાના વરિષ્ઠ અધિકારીને જાણ કરવી પડશે અને જ્યાં સુધી તેમનો વિસ્તાર પ્રતિબંધિત ઝોનની શ્રેણીમાંથી બહાર ન આવી જાય ત્યાં સુધી કાર્યાલય ન આવવું જોઈએ. સાથે જ આવા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી મળવી જોઈએ.